સત્યમેવ જયતે

દાખલ તારીખ : ૧૦–૦૮–૨૦૨૧
રજી. તારીખ : ૧૦–૦૮–૨૦૨૧
ફેસલ તારીખ : ૦૩–૦૧–૨૦૨૪
સમયગાળો : વર્ષ–માસ–દિવસ
૦૨– ૦૪– ૨૪

## ધોરાજીના મહે. એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ, મું. ધોરાજી.

**ફોજદારી કેસ નં.૧૦૫૪/૨૦૨૧**

**આંક–**

ફરિયાદીઃ– જીવનભાઈ વાલજીભાઈ સોંદરવા,
રહે. ધોરાજી, ઠે. બહારપુરા.

**વિરૂધ્ધ**

આરોપીઃ– પ્રવીણભાઈ કીશનભાઈ સોંદરવા,
રહે. ધોરાજી, ઠે.બહારપુરા, વણકરવાસ,
મામાના ખીજડા પાસે, ધોરાજી.

**બાબત:– વટાઉખત અધિનિયમની કલમ–૧૩૮ અન્વયે**

==========================================================

ફરીયાદ પક્ષેઃ– વિદ્ધાન વકીલશ્રી ડી.એચ. છતાણી.

આરોપી પક્ષેઃ– વિદ્ધાન વકીલશ્રી એ. એન. વ્યાસ.

==========================================================

## // ચુકાદો //

(૧) આ કામના ફરીયાદીએ અત્રેની અદાલતમાં તા.૧૦.૦૮.૨૦૨૧ ના રોજ આરોપી સામે વટાઉખત અધિનિયમની, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા સબબની ખાનગી ફરીયાદ આપતાં વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાનું કોન્ગીઝન્સ લેવામાં આવેલ અને ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૦૪ મુજબનો સમન્સ કરવામાં આવેલો તે રીતે ઈન્સાફી કાર્યવાહી ઉત્પન્ન થયેલ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી ધોરાજી મુકામે રહે છે. આરોપી ધોરાજી મુકામે રહે છે અને કન્ટ્રક્શન (બાંધકામને લગતા) વ્યવસાય સાથે જોડાયેલ છે તથા ધોરાજી શહેરમાં ઘણી જગ્યાઓ પર આરોપીને બાંધકારની સાઈટો ચાલે છે અને ફરિયાદી તથા આરોપી વચ્ચે કાકા–ભત્રીજાનો સબંધ હોય. જેથી ફરિયાદી તથા આરોપી ઘણા વર્ષોથી ધોરાજીના એક જ વિસ્તારમાં રહેતા હોય, ફરિયાદી અને આરોપી વચ્ચે પારીવારીક સબંધ હોય. માર્ચ–૨૦૨૧ ના અરસામાં આરોપીને તેમના કન્ટ્રક્શન(બાંધકામના) કામ સબબ રૂા.૩,૦૦,૦૦૦/–(અંકે રૂપીયા ત્રણ લાખ પુરા) ની જરૂરીયાત પડતા આરોપીએ ફરીયાદી પાસેથી રૂા.૩,૦૦,૦૦૦/–(અંકે રૂપીયા ત્રણ લાખ પુરા) ની માંગણી કરતા આરોપીને રૂા.૩,૦૦,૦૦૦/–(અંકે રૂપીયા ત્રણ લાખ પુરા) હાથ ઉછીના સબંધના નાતે આપેલા અને આરોપીએ જણાવલે કે, ૬–મહીના અંદર તેઓને તેમના રૂપીયા પરત આપી દેશે અને તે અંગેની આરોપીએ ફરીયાદી જોગની તા.૨૦.૦૩.૨૦૨૧ ના રોજ નોટરી રૂબરૂ પ્રોમીસરી નોટ લખી આપેલ. ફરીયાદીને જુન–૨૦૨૧ ના અરસામાં તેઓના અંગત કામ સબબ રૂપીયાની જરૂર પડતા ફરીયાદીએ આરોપી પાસે હાથ ઉછીના આપેલ રૂપીયાની માંગણી કરતા આરોપીએ ફરીયાદીને રૂા.૩,૦૦,૦૦૦/–(અંકે રૂપીયા ત્રણ લાખ પુરા) નો ખાતા નં. ૦૦૭૩૦૧૧૦૦૦૦૭૭૯ નો ચેક નં."૩૭૬૫૩૪" યુકો બેંક, ધોરાજી શાખાનો તા.૨૪/૦૬/૨૦૨૧ ના રોજ વટાવાય તે રીતનો ફરીયાદીને આપેલ અને એવો પાકો વચન અને વિશ્વાસ આપેલ કે,ચેક બેંકમાં નાખશો એટલે તેઓને તેમના રૂપીયા વસુલ મળી જશે.

વધુમાં, આરોપીએ આપેલ વચન અને વિશ્વાસ મુજબ સદર ચેક ફરીયાદીએ તેમના સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, ધોરાજી શાખામાં વસુલાત માટે વટાવવા નાંખતા સદર ચેક તા.૨૫/૦૬/૨૦૨૧ ના રોજ તેઓના ખાતામા જમા રકમ પુરતી ન હોય સદરહુ ચેક "FUND INSUFFICIENT"ના શેરા સાથે વગર વસુલાતે પરત ફરેલ, જેની જાણ બેન્ક દ્વારા તેઓને તા.૨૫.૦૬.૨૦૨૧ ના રોજ કરેલ. જેથી આરોપીને તેમના એડવોકેટ મારફતે તા.૧૪.૦૭.૨૦૨૧ ના રોજ લખાયેલ નોટીસ તા.૧૬.૦૭.૨૦૨૧ ના રોજ આરોપીના કાયમી સરનામે રજી.એડી.થી પોસ્ટ કરતા સદર નોટીસ તા.૧૭.૦૭.૨૦૨૧ ના રોજ "માલીક

સ્વીકારવાની ના પાડતા પરત" ના પોસ્ટના શેરા સાથે બંધ કવર પરત ફરેલ અને આરોપીએ સદરહું ચેકની લેણી રકમ તેઓને ચુકવી આપેલ નથી કે નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. જેથી, આરોપીએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો ગુનો આચરેલ હોય ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

(૩) ઉપરોક્ત ફરીયાદ રજીસ્ટરે લઈ આ કામના આરોપીને સમન્સ ઈસ્યુ કરતા સમન્સની બજવણી થતાં આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ છે. આરોપીને ફરીયાદની તેમજ ફરીયાદીએ જે દસ્તાવેજી પુરાવા પર આધાર રાખેલ છે તે દસ્તાવેજી પુરાવાની નકલ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ મુજબ વિના મુલ્યે આપ્યાની ખાતરી કરી આંક–૧૩ થી આરોપીની પ્લી નોંધતા આરોપીએ આક્ષેપિત ગુનાની કબુલાત ન કરતા આ કામ ફરીયાદપક્ષનો પુરાવો નોંધવા ઉપર રાખવામાં આવેલ.

(૪) ફરીયાદપક્ષે પોતાના કેસ પુરવાર કરવાના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો:–**

| **અનુ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદી જીવનભાઈ વાલજીભાઈ સોંદરવાનું સરતપાસનું સોગંદનામુ | ૦૫ |

**દસ્તાવેજી પુરાવો:–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | આરોપીએ ફરીયાદીને આપેલ અસલ તકરારી ચેક | ૧૫ |
| ૨. | અસલ ચેક રિટર્ન મેમો | ૧૬ |
| ૩. | ફરીયાદીએ તેમના વિ.વ.શ્રી મારફત આરોપીને આપેલ વૈધાનિક નોટીસ | ૧૭ |
| ૪. | આરોપીને નોટીસ રજી.એ.ડી.થી મોકલ્યાની પાવતી | ૧૮ |

| | | |
|---|---|---|
| ૫. | આરોપીને મોકલેલ નોટીસનું પરત આવેલ બંધ કવર | ૧૯ |
| ૬ | આરોપીએ ફરિયાદીને લખી આપેલ પ્રોમીસરી નોટ | ૨૦ |

(૫) ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થતા ફરીયાદપક્ષે વિ.વ.શ્રીએ આંક–૨૯ થી પુરાવા બંધની પુરસીસ આપી ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ જાહેર કરેલ. અત્રે એ હકીકત ઉલ્લેખનીય છે કે, હાલના કામે ફરિયાદપક્ષ તરફે ફરિયાદીની ઉલટતપાસ કરવાનો હક્ક બંધ કરવા અંગે આંક–૨૮ થી પુરસીસ આપતા આરોપી તરફે ફરીયાદીની ઉલટ તપાસ કરવા તક આપવા છતાં ફરીયાદીની ઉલટ તપાસ લેતા નથી જેથી અત્રેની અદાલતે ફરીયાદપક્ષે રજુ પુરસીસ મંજુર કરી આરોપીનો ફરીયાદીની ઉલટતપાસ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ. ત્યારબાદ આ કામના આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. આરોપી તરફે કોઈ પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

**<u>ફરીયાદપક્ષે દલીલ:–</u>**

(૬) ફરીયાદપક્ષે વિ.વ.શ્રી દ્વારા ફરીયાદ હકીકત મુજબની દલીલ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, ફરીયાદીએ કેસ નિઃશંકપણે આરોપી વિરૂધ્ધ ગુન્હો પુરવાર કરેલ છે અને એન.આઈ. એક્ટની કલમ–૧૩૮ મુજબ જે અનુમાનો અદાલતે કરવાના હોય, તે અનુમાનોનું ખંડન કરતો કોઈ પુરાવો આરોપી રજુ કરી શકેલ નથી. વધુમાં, આરોપી તરફે કોઈ વિરૂધ્ધના પુરાવા રજુ કરી ફરીયાદીએ રજુ કરેલ પુરાવાનું ખંડન કરેલ નથી. જેથી ફરીયાદીના પુરાવા ગ્રાહ્ય રાખીને આરોપીને તકસીરવાન ઠરાવવા રજુઆત કરેલ છે.

**<u>આરોપીપક્ષે દલીલઃ–</u>**

(૭) બચાવપક્ષે વિ.વ.શ્રી એ.એન.વ્યાસની મૌખિક દલીલો સાંભળી. તેઓ જણાવે છે કે, આ કામના આરોપી અન્ય ગુન્હાના કામે કસ્ટડીમાં છે અને આરોપીએ આવો કોઈ ગુન્હો કરેલ નથી. જેથી આરોપીને દોષ મુક્ત કરવા અરજ કરેલ છે.

**(૮) સદર કામે ન્યાય નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.**

(૧) શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, ફરીયાદીએ પારીવારિક સબંધે

આરોપીને રકમ આપેલ જે પૈકી રૂા.૩,૦૦,૦૦૦/−(અંકે રૂપીયા ત્રણ લાખ પુરા) નો ખાતા નં. ૦૦૭૩૦૧૧૦૦૦૦૭૭૯ નો ચેક નં."૩૭૬૫૩૪" યુકો બેંક, ધોરાજી શાખાનો તા.૨૪/૦૬/૨૦૨૧ ના રોજનો આપેલ જે ચેક ફરીયાદીએ તેમની બેન્કમાં વટાવવા નાંખતા “FUND INSUFFICIENT”ના શેરા સાથે વિના સ્વીકારાયે પરત ફરેલો, ફરીયાદીએ તેમના વકીલ મારફતે આરોપીને તા.૧૪.૦૭.૨૦૨૧ ના રોજ ડીમાન્ડ નોટીસ મોકલી આપેલ જે નોટીસનું બંધ કવર "માલીક સ્વીકારવાની ના પાડતા પરત" ના શેરા સાથે પરત ફરેલ. જેથી આરોપીએ નોટીસની અમલવારી કરેલ નથી. જેથી આરોપીએ વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ની કલમ−૧૩૮ મુજબનો ગુનો કરેલ છે ?

(૨) શું બચાવપક્ષ વટાઉખત અધિનિયમ,૧૮૮૧ની કલમ−૧૩૯ મુજબ ખંડનાત્મક પુરાવો રજુ કરી પોતાનો બચાવ સ્થાપિત કરી શકેલ છે?

(૩) શું હુકમ?

(૯) ઉપરોક્ત મુદ્દાઓ સંબંધી મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં,

(૨) નકારમાં,

(૩) આખરી હુકમ મુજબ.

**<u>// કા ર ણો //</u>**

**<u>મુદ્દા નં.૧ થી ૩ ની સંયુક્ત ચર્ચા−</u>**

(૧૦) હાલની ફરિયાદના નિકાલ માટે સૌપ્રથમ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ−૧૩૮ મુજબનો ગુનો બને છે કે નહીં તે નક્કી કરવું જરૂરી છે જેથી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ −૧૩૮ ની જોગવાઈ જોવી પડે છે જે નીચે મુજબ છે.

**<u>Sec.138 : Dishonour of cheque for insufficiency, etc., of funds in the account -</u>** Where any cheque drawn by a person on an account maintained by him

with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for a term which may be extended to two years, or with fine which may extend to twice the amount of the cheque, or with both :

Provided that nothing contained in this section shall apply unless-

(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it was drawn or within the period of its validity, whichever is earlier.

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice, in writing, to the drawer of the cheque, within thirty days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid, and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

Explanation- For the purposes of this section, “debt or other liability” means a legally enforceable debt or other liability.

જે મુજબ કોઈ વ્યક્તિ તેના દ્વારા નિભાવવામાં આવતા બેંકના ખાતામાંથી કોઈ એક બીજી વ્યક્તિને લખેલો હોય અને તે ચેક તે બીજી વ્યક્તિનો પ્રથમ વ્યક્તિ પાસેથી લેણા નીકળતા હોય કોઈ દેવા કે બીજી જવાબદારીના સંપૂર્ણ કે અંશતઃ ચુકવણી પેટે હોય અને તે એક બેંક દ્વારા વગર સ્વીકારાયે પરત આવે અને તે ચેક તેના ખાતામાં ઓછી રકમના કારણે અથવા તો જે રકમની બેંક સાથે ગોઠવણ કરેલી હોય તેના કરતાં વધુ રકમનો ચેક હોય અને તેના કારણે પરત આવેલ હોય તો તે વ્યક્તિએ ગુનો કર્યો ગણાશે અને આ કાયદાની બીજી જોગવાઈઓને બાધ આવ્યા સિવાય તે વ્યક્તિ બે વર્ષની સજાને તથા ચેકની રકમથી બમણી રકમ સુધીના દંડને અથવા તો બંન્નેને પાત્ર થશે. જો કે આ કલમને તેના પરંતુક સાથે વંચાણે લેવી પડે જે મુજબ સદરહું ચેક તે ચેકની તારીખથી છ માસના અથવા તો તેના મંજૂર સમયમાં રજૂ થયેલો હોવો જોઈએ. વધુમાં, એવો પરંતુક છે કે, તે ચેક જેની તરફેણમાં લખવામાં આવેલ હોય કે તેની વતી ધારણ કરનારે તે બાબતની ચેક લખનારને બેન્ક તરફથી માહિતી મળ્યાના દિન-૩૦ માં લેખિતમાં નોટીસ આપેલી હોય અને ચેક લખનારે તે ચેકની રકમ નોટીસ મળ્યેથી દીન-૧૫ માં ચૂકવી આપેલ ન હોય. આમ, સમગ્ર કલમની જોગવાઈ ઉપરોકત પરંતુક સાથે વંચાણે લેવી પડે.

(૧૧) સદર કેસમાં પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા અત્રે એ હકીકતનો ઉલ્લેખ કરવો જરૂરી છે કે વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ની કલમ–૧૩૮ અન્વયેની દંડાત્મક જોગવાઇ દેશમાં બેન્ક દ્વારા થતા નાણાકીય વ્યવહારોની વિશ્વસનીયતાને મજબુતી આપવા માટે કરવામા આવેલ છે. સામાન્ય રીતે મજકૂર અધિનિયમ હેઠળના ઉપરોક્ત ગુનામાં ગુનાનો આધાર મુખ્યત્વે દસ્તાવેજી પુરાવા ઉપર અવલંબે છે. નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર વડી અદાલતોએ તેમના વિવિધ ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ છે કે, જ્યારે ચેકમાંની સહી આરોપીની

હોવાનું પુરવાર થાય ત્યારે વટાઉખત અધિનિયમની કલમ–૧૩૯ અન્વયેનું અનુમાન કરવાનું રહે છે. સદરહું કાયદાની કલમ–૧૩૯ હેઠળની જોગવાઇ મુજબ જયા સુધી વિરૂદ્ધની હકીકતો સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી ચેકના ધારણકર્તાને આવો ચેક કોઇ દેવા અથવા અન્ય જવાબદારીની અદાયગી પેટે આપવામાં આવેલ છે તેવું અનુમાન કરવાનું ઠરાવેલ છે. અલબત્ત, આથી વિરૂદ્ધનો ખંડનાત્મક પુરાવો આરોપી રજુ કરી શકે છે. સદરહુ અનુમાનનુ ખંડન કરવાની બચાવપક્ષની જવાબદારી, ફરીયાદપક્ષની જવાબદારીની જેમ વાજબી શંકાથી પર પુરવાર કરવાની રહેતી નથી, પરંતુ શક્યતાની પ્રબળતાના આધારે કરવાની રહે છે અને સદરહું શક્યતાની પ્રબળતા એક ડહાપણભરી સામાન્ય બુદ્ધીથી, તેવી શક્યતા માની શકાય તેમ છે કે માની શકાય તેમ નથી, તેના આધારે મુલ્યાંકન કરવાનું રહે છે. પરંતુ આવો પુરાવો વટાઉખત અધિનિયમની કલમ–૧૩૯ હેઠળના કાનુની અનુમાનને વાજબી અને પ્રતિતિજન્ય રીતે ખંડીત કરી શકેલ છે કે કેમ તેવી બાબતો પ્રત્યેક કેસમાં રજુ થયેલ પુરાવાની વિગતો ઉપર અવલંબે છે. અધિનિયમની કલમ–૧૩૯ હેઠળનું અનુમાન તે હકીકતોનું નહીં, પરંતુ કાયદાનું અનુમાન છે અને આથી જ કાયદાના આવા અનુમાનનું ખંડન સંતોષકારક એવી હકીકતોથી પ્રનતપક્ષ કરી શકે નહીં તો કલમ–૧૩૯ હેઠળનું કાનુની અનુમાન ફરીયાદપક્ષની તરફેણમાં આખરી અને નિર્ણાયક બની રહે છે. પરંતુ જો આરોપી આ અનુમાનનું ખંડન કરી શકે છે તો, તેવા સંજોગોમાં ફરીયાદી ઉપર આરોપી વિરૂદ્ધ તેવી લેણી રકમ નીકળતી હતી તે હકીકત વ્યાજબી શંકાથી પર હોય તે મુજબ પુરવાર કરવાની જવાબદારી આવી પડે છે અને તે પુરવાર કરવામાં ફરીયાદી સફળ થાય છે કે નહીં, તેના આધારે ફરીયાદનો અંતિમ નિર્ણય લેવાનો રહેતો હોય છે.

(૧૨) ફરીયાદી દ્વારા હાલની ફરીયાદ વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબના ગુના અન્વયે દાખલ કરવામાં આવેલ છે, ત્યારે આરોપી સામેના આક્ષેપિત ગુના સાબિત કરવા માટે નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદી પર રહેલી છે.

૧. આરોપીએ પોતાના દ્વારા નિભાવવામાં આવતા ખાતામાંથી નાણાં ચુકવવા ફરીયાદીને ચેક આપેલ.

૨. આરોપીએ ફરીયાદીને આવા ચેક સમગ્ર અથવા અંશત: કાયદેસરના દેવા અથવા જવાબદારી અદા કરવા માટે આપેલ હતા.

૩. ચેક જે તારીખે લખેલ હતા તે તારીખથી ચેકની નિયત સમયમર્યાદામાં રજુ કરવામાં આવેલ હતો.

૪. ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળ/એકાઉન્ટ ક્લોઝડના કારણે પરત થયેલો.

૫. ચેક પરત થયાની માહિતિ મળ્યા બાદ ફરીયાદી દ્વારા ૩૦ દિવસની સમયમર્યાદામાં નાણાંની માંગણી કરતી લેખિત નોટીસ ચેક લખનાર (આરોપી)ને મોકલવામાં આવેલ હતી.

૬. આરોપીને આવી લેખિત નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેક મુજબના નાણાં પંદર દિવસની સમયમર્યાદામાં ચુકવી આપેલા નથી.

વધુમાં વટાઉ ખત અધિનિયમની કલમ–૧૧૮(એ) તથા કલમ–૧૩૯ મુજબ જયાં સુધી વિરુધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી કાયદેસરના દેવા પેટે ચેક આપેલાનું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે, વિરુધ્ધનું પુરવાર ન થાય તે શબ્દોના અર્થઘટન અનુસાર અનુમાનનું ખંડન સચોટ પુરાવાથી કરવાનું રહે છે અને આ અનુમાન ખંડન કરવાના બોજા આરોપીના શિરે છે.

(૧૩) આ કામે ઉપરોક્ત કરવામાં આવેલ ચર્ચા મુજબના ગુના સબબના તમામ આવશ્યક તત્વો પુરવાર કરવા માટે ફરીયાદીએ સદર એક્ટની કલમ–૧૪૫(૧) અન્વયે ફરીયાદની હકીકતોને સમર્થનકારક પુરાવાનું આંક–૦૫ થી સોગંદનામુ રજુ કરી આરોપીએ કાયદેસરના દેવા પેટે ચેક આપેલાની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે.

ફરીયાદીના આંક–૦૫ થી રજુ પુરાવાનું મુલ્યાંકન કરતા જોવામાં આવે તો ફરીયાદીના પુરાવામાં જણાવ્યા મુજબ ફરીયાદીએ પારીવારિક સબંધે આરોપીને રકમ આપેલ જે પૈકી રૂા.૩,૦૦,૦૦૦/–(અંકે રૂપીયા ત્રણ લાખ પુરા) નો ખાતા નં. ૦૦૭૩૦૧૧૦૦૦૦૭૭૯ નો ચેક નં."૩૭૬૫૩૪" ચુકો

બેંક, ધોરાજી શાખાનો તા.૨૪/૦૬/૨૦૨૧ ના રોજનો આપેલ જે ચેક ફરીયાદીએ તેમની બેન્કમાં વટાવવા નાંખતા “FUND INSUFFICIENT”ના શેરા સાથે વિના સ્વીકારાયે પરત ફરેલો, ફરીયાદીએ તેમના વકીલ મારફતે આરોપીને તા.૧૪.૦૭.૨૦૨૧ ના રોજ ડીમાન્ડ નોટીસ મોકલી આપેલ જે નોટીસનું બંધ કવર "માલીક સ્વીકારવાની ના પાડતા પરત" ના શેરા સાથે પરત ફરેલ. જેથી આરોપીએ નોટીસની અમલવારી કરેલ નથી. આમ કરી આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ અન્વયે ગુન્હાહીત કૃત્ય કરેલ હોય તેમજ ફરિયાદીની આપેલ નોટીસ આરોપીને બજી જવા છતા આરોપીએ નોટીસનો કોઈ જવાબ કે વ્યાજબી પ્રત્યુતર આપવા દરકાર કે પરવાહ કરેલ નહી. આમ આરોપીએ નોટીસ મુજબ અમલ કરવા કે તેઓની લેણી રકમ વસુલ આપવા દરકાર કરેલ નહી. જેથી તેઓએ આપેલી નોટીસનો સમય પુરો થયા બાદ હાલની ફરિયાદ લાવવા તેઓને ફરજ પડેલ છે. ફરિયાદમાં માંગ્યા મુજબની તેઓની દાદ છે. ફરિયાદ નીચે તેઓની સહી છે. આરોપીને સખતમાં સખત સજા ફરમાવવા અથવા મોટી રકમનો દંડ ફરમાવવા વિનંતી છે અને તેઓને થયેલ નુકશાની વળતરની ચેકથી બમણી રકમ આરોપી પાસેથી વળતર તરીકે અપાવવા અરજ કરેલ છે. સદર કામે ફરિયાદી તરફે આંક–૨૮ થી ઉલટતપાસનો હક્ક બંધ કરવા પુરસીસ આપતા ફરીયાદી તથા તેમના વિ.વ. શ્રી હાજર હોય તેમ છતા આરોપી તરફે ઉલટતપાસ લેતા ન હોય જેથી અત્રેની અદાલત દ્વારા ઉલટતપાસનો હક્ક બંધ કરવામા આવેલ છે.

જેથી, સૌ પ્રથમ ફરિયાદવાળો ચેક આરોપીએ ફરિયાદીને કોઈ કાયદેસરની લેણી કે બીજી જવાબદારી પેટે આપેલો છે કે કેમ ? તે નક્કી કરવું પડે. જે બાબતમાં ફરિયાદીએ તેમની ફરિયાદમાં જણાવેલ છે કે, “ ફરીયાદીએ પારીવારિક સબંધે આરોપીને રકમ આપેલ જે પૈકી રૂા.૩,૦૦,૦૦૦/–(અંકે રૂપીયા ત્રણ લાખ પુરા) નો ખાતા નં. ૦૦૭૩૦૧૧૦૦૦૦૭૭૯ નો ચેક નં."૩૭૬૫૩૪" યુકો બેંક, ધોરાજી શાખાનો તા.૨૪/૦૬/૨૦૨૧ ના રોજનો આપેલ જે ચેક ફરીયાદીએ તેમની બેન્કમાં વટાવવા નાંખતા “FUND INSUFFICIENT”ના શેરા

સાથે વિના સ્વીકારાયે પરત ફરેલો, ફરીયાદીએ તેમના વકીલ મારફતે આરોપીને તા.૧૪.૦૭.૨૦૨૧ ના રોજ ડીમાન્ડ નોટીસ મોકલી આપેલ જે નોટીસનું બંધ કવર "માલીક સ્વીકારવાની ના પાડતા પરત" ના શેરા સાથે પરત ફરેલ." આરોપીને સૌપ્રથમ બચાવની તક ફરિયાદીએ આપેલ નોટીસના અનુસંધાનમાં મળે છે. જે તકનો લાભ હાલના કામના આરોપીએ લીધેલ નથી અને ચોક મુજબની રકમ ચુકવી આપવા દરકાર કે પરવા કરેલ નથી. જો કે હાલના કામે આરોપી દ્વારા ફરિયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ નથી. જેથી નામદાર સર્વોચ્ચ અદાલતના 2014(0) AIR SC 2528 ના ઈન્ડિયન બેંક એસોસીએશન વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયાના ચુકાદામાં આપેલા દીશા નિર્દેશો પૈકી નં.૪-૫ વંચાણે લઈ આરોપી કોર્ટમાં હાજર થાય ત્યારે તેની પ્લી નોંધતી હોય ત્યારે આરોપીએ ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ-૨૫૧ મુજબ તેમનો બચાવ રજૂ કરવો પડે અને પછી આરોપીના બચાવના પુરાવા માટે કેસ રાખવો પડે. સિવાય કે આરોપી ધી નેગોશ્યેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૪૫(૨) મુજબ ફરિયાદીને રિકોલ કરી ઉલટતપાસ કરવા પરવાનગી માંગતી અરજી આપી હોય. હાલના કેસમાં આરોપીની પ્લી નોંધાઈ ત્યારે આરોપીએ ક્રી.પ્રો.કોડની કલમ-૨૫૧ મુજબનો કોઈ ડીફેન્સ રજૂ કરેલ નથી. બાદમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટની કલમ–૧૪૫(૨) મુજબની ફરિયાદીને રિકોલ કરવા અરજી પણ આપેલ નથી. એટલે કે આરોપી ફરિયાદીની ઉલટ તપાસ કરવા માંગતા નથી તેવું સાબિત થાય છે. આમ ફરિયાદીએ તેમની ફરિયાદમાં જણાવેલ હકીકતો તેમની સરતપાસ મારફતે સાબિત કરેલ છે. જયારે આરોપીપક્ષે કોઈ ઉલટતપાસ કરેલ નથી. આમ, આરોપીએ ફરિયાદીને ચેક આપ્યાની તકરાર સાબિત કરવાની જવાબદારી આરોપીના શીરે છે. આમ, ફરિયાદપક્ષે ફરિયાદવાળો ચેક આરોપીને કોઈ લેણી કે જવાબદારી પેટે આપેલ હોવાની પ્રાથમિક જવાબદારી નિભાવેલ છે. વધુમાં, ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ની જોગવાઈ મુજબ આરોપીએ આપેલ ચેક કોઈ કાયદેસરની લેણી કે જવાબદારી પેટે આપેલ

હોવાનું કોર્ટે અનુમાન કરી લેવાનું છે અને તેનાથી વિરુદ્ધનું સાબિત કરવાની જવાબદારી આરોપીના શીરે છે.

(૧૪) ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૯ ની જોગવાઈ નીચે મુજબ છે.

"**Sec.139 : Presumption in favour of holder -** It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, or any debt or other liability."

જે મુજબ વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી એવું માની લેવું જોઈશે કે ચેકને ધારણ કરનાર તે ચેક ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ માં જણાવ્યા મુજબની કોઈ લેણા કે બીજી જવાબદારીના સંપૂર્ણ કે અંશતઃ પાલન માટે જ મેળવેલ છે. આરોપીને આ અનુમાનથી વિરુદ્ધ સાબિત કરવું પડે. જે માટે આરોપીએ પોતે સાહેદ તરીકે જુબાની આપવી જરૂરી નથી. પરંતુ પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબલીટીના ધોરણ મુજબ આરોપીએ શકયતાદર્શી પુરાવો આપવો પડે અને તેવો પુરાવો આરોપી દ્વારા ફરિયાદીની તથા તેના સાહેદોની ઉલટતપાસ દ્વારા પણ રજૂ કરી શકે છે.

(૧૫) વધુમાં, આગળ ચર્ચા કર્યા મુજબ આરોપીએ ફરિયાદીની ઉલટતપાસ કરેલ નથી કે પોતાનો પુરાવો રજૂ કર્યો નથી. ફરિયાદીને તેમની ફરિયાદમાં રૂા.૩,૦૦,૦૦૦/- ની રકમ ચેકથી આરોપીએ આપ્યાનું જણાવેલ છે. તેની વીરૂધ્ધ સાબિત કરતો કોઈ પુરાવો આરોપીપક્ષે રજુ કરેલ નથી. વધુમાં, ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૯ નું અનુમાન પણ ફરિયાદીની તરફેણમાં છે તે સંજોગોમાં આરોપીએ પોતાની તકરાર સ્પષ્ટપણે સાબિત કરવી પડે. પરંતુ આરોપી તે સાબિત કરી શકયા નથી.

(૧૬) ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ મુજબ તકરાર છે કે કોઈ લેણી કે જવાબદારી પેટે આપેલો હોય અને તે વગર સ્વીકાર્યે પરત આવે તો ગુનો બન્યો ગણાય. હાલના કેસમાં પણ આરોપીની તકરાર મુજબ તેઓને ફરિયાદી પાસેથી લીધેલી રકમ સામે ફરિયાદીના કહેવા મુજબ ચેક આપેલો છે અને તે વગર સ્વીકાર્યે પરત આવેલ છે. હાલના કામે આરોપીએ ફરિયાદીની ઉલટતપાસ કરેલ નથી. તે સંજોગોમાં આરોપી ઉપર જે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબનો સાબિતીનો બોજો છે તે આરોપીએ નિભાવેલ નથી અને ફરિયાદીની તરફેણમાં ઉત્પન્ન થયેલ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબના અનુમાનનું ખંડન કરેલ નથી. આરોપીએ ફરિયાદી દ્વારા તેમનો ચેકનો દુરુપયોગ કરવા બાબતે કોઈ કાર્યવાહી પણ ફરિયાદી વિરુદ્ધ કરેલ નથી. તે રીતે પણ આરોપીના બચાવને સમર્થન મળતું નથી. તે સંજોગોમાં આરોપીએ ફરિયાદીને ફરિયાદવાળો ચેક કોઈ લેણી કે જવાબદારી પેટે આપેલ હોવાનું સ્પષ્ટ સાબિત થાય છે.

(૧૭) વધુમાં, ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ મુજબ જો ચેક બેંકમાંથી ફંડ ઓછું હોવાના કારણે અથવા તો જે ચેક લખનારે બેંક સાથે કરેલી ગોઠવણ કરતાં વધુ રકમનો ચેક હોય તો અને તે ચેક પરત ફરે તે રીતે આરોપીએ આ કલમ હેઠળ ગુનો કર્યો ગણાય. હાલના કેસમાં ફરિયાદીએ રજૂ કરેલ આંક-૧૬ વાળો રિટર્ન મેમો જોતા તે રિટર્નમેમો આરોપીની બેંક દ્વારા આપવામાં આવેલ છે. જેમાં ફરિયાદવાળો ચેક "ફંડ ઈન્સફીશીયન્ટ" ના શેરા સાથે પરત ફરેલ હોવાનું જણાવેલ છે. વધુમાં, તે રિટર્ન મેમો તકરારી ચેકના નંબરનો લખેલો છે. જેથી પણ આરોપીઓ ફરિયાદીને આપેલ ચેક આરોપીના ખાતામાં પૂરતું ભંડોળ ન હોવાના કારણે પરત આવેલો છે. આમ, આરોપીના ખાતામાં ચેકમાં જણાવેલ તારીખે પુરતુ ભંડોળ ન હોવાનું તથા ફરિયાદી સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરેલાનું સ્પષ્ટ થાય છે.

(૧૮) ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની પરંતુક- "એ"

પ્રમાણે તે ચેક છ માસમાં અથવા તો ચેકથી નક્કી થયેલી મર્યાદામાં બેંકમાં રજૂ થયેલો હોવો જોઈએ જે બાબતમાં આંક-૧૫ વાળો ચેક જોતા તે તા.૨૪.૦૬.૨૦૨૧ ના રોજનો છે. તેમજ આંક-૧૬ વાળા રીટર્ન મેમા મુજબ તા.૨૫.૦૬.૨૦૨૧ ના રોજ વગર સ્વીકારાયે પરત આવેલો છે. જેથી તે ચેક ફરિયાદીની બેંકે ચેકની તારીખના એક દિવસમાં વગર સ્વીકારાયે પરત કરેલ છે. વર્ષ-૨૦૧૨ મા રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાના ચેકની સમય મર્યાદામાં ત્રણ માસની કરેલ છે. હાલના કેસમાં ફરિયાદી વાળો ચેક વર્ષ-૨૦૨૧ નો છે. જેથી ફરિયાદ વાળો ચેક ત્રણ માસની સામે મર્યાદામાં બેંકમાં રજૂ થયેલ હોય પરંતુ તેનું પાલન થયેલ હોવાનું સાબિત થાય છે.

(૧૯) ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની પરંતુક-”બી" ધ્યાને લઈએ તો ચેક પરત આવ્યેથી દિન-૩૦ માં ચેકની રકમ માંગતી લેખિત નોટીસ આરોપીને ફરિયાદીએ આપેલ હોવી જોઈએ. આંક-૧૬ વાળો રીટર્ન મેમો ધ્યાને લઈએ તો તે તા.૨૫.૦૬.૨૦૨૧ ના રોજ ફરિયાદીને બેંકે આપેલો છે. જેમાં તે "ફંડ ઈન્સફીસીયન્ટ" ના શેરા સાથે પરત આવેલ છે. આમ, આંક-૧૫ વાળો ચેક પરત ફર્યાની જાણ ફરિયાદીને તા.૨૫.૦૬.૨૦૨૧ ના રોજ થયેલ છે. જયારે આંક-૧૭ થી રજુ થયેલી નોટીસમાં તે નોટીસ તા.૧૪.૦૭.૨૦૨૧ ના રોજ જારી કરેલાનું જણાવાય છે. વધુમાં, ફરિયાદીએ જે રજી.એડી. કરેલ હતી. ફરિયાદીને ચેક પરત થયાની જાણ તા.૨૫.૦૬.૨૦૨૧ ના રોજ થયા બાદ દીન-૩૦ માં તા.૧૪.૦૭.૨૦૨૧ ના રોજ આરોપીને નોટીસ આપેલ છે. જે નોટીસ આરોપીના સરનામે આપવામાં આવેલ છે. આંક-૧૮ વાળી રજી.એડી.કર્યાની પાવતી અને આંક-૧૯ વાળુ પરત આવેલ બંધ કવર રજુ રાખેલ છે. આમ ફરિયાદીએ ચેક પરત કર્યાની જાણ થયાના દિન-૩૦ માં તે ચેકની રકમની માંગણી કરતી નોટીસ આરોપીને આપેલ છે જે નોટીસ આરોપીને બજી ગયેલ છે. જેથી ફરિયાદી દ્વારા ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના પરંતુક–”બી" નુ પાલન કરવામાં

આવેલ છે. ફરિયાદીએ તેમના વિ.વ.શ્રી મારફતે આરોપીને આપેલી નોટીસની સ્થળપ્રત આંક-૧૭ થી રજુ થયેલ છે જે નોટીસ પણ હાલના ફરિયાદવાળો ચેક પરત ફરતા તે સબબ આપવામાં આવેલી છે.

(૨૦) વધુમાં, ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ ના પરંતુક-"સી" મુજબ આરોપીને નોટીસ મળ્યેથી દીન-૧૫ માં તે ચેકના નાણા ચુકવવામાં નિષ્ફળ ગયા હોવા જોઈએ. જેથી પણ ફરિયાદપક્ષ દ્વારા ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ દ્વારા પરંતુક-"સી" નું પાલન આરોપી દ્વારા કરેલ ન હોવાનું સાબિત કરવામાં સફળ રહેલ છે.

(૨૧) આમ, સમગ્ર રીતે ફરિયાદપક્ષ સાબિત કરવામાં સફળ રહેલ છે કે, ફરીયાદીએ પારીવારિક સબંધે આરોપીને રકમ આપેલ જે પૈકી રૂ.૩,૦૦,૦૦૦/-(અંકે રૂપીયા ત્રણ લાખ પુરા) નો ખાતા નં. ૦૦૭૩૦૧૧૦૦૦૦૦૭૭૯ નો ચેક નં."૩૭૬૫૩૪" યુકો બેંક, ધોરાજી શાખાનો તા.૨૪/૦૬/૨૦૨૧ ના રોજનો આપેલ જે ચેક ફરીયાદીએ તેમની બેન્કમાં વટાવવા નાંખતા "FUND INSUFFICIENT"ના શેરા સાથે વિના સ્વીકારાયે પરત ફરેલો, ફરીયાદીએ તેમના વકીલ મારફતે આરોપીને તા.૧૪.૦૭.૨૦૨૧ ના રોજ ડીમાન્ડ નોટીસ મોકલી આપેલ જે નોટીસનું બંધ કવર "માલીક સ્વીકારવાની ના પાડતા પરત" ના શેરા સાથે પરત ફરેલ હોય આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો ગુન્હો કરેલ હોવાનું સ્પષ્ટ સાબિત થાય છે. આરોપીપક્ષે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૯ મુજબના અનુમાનનુ ખંડન કરવામાં સદંતર નીષ્ફળ નીવડેલ છે. વધુમાં, આ કામે સી.આર.પી.સી.ની કલમ-૩૧૩ મુજબ આરોપીના નિવેદનમાં આરોપીએ પોતાના બચાવમાં કોઈ આધાર પુરાવા રજુ કરેલાનું કે કરવા માંગતા હોવાનું જણાવેલ નથી.

(૨૨) આમ, સમગ્રપણે ફરિયાદ, દસ્તાવેજી તથા મૌખિક પુરાવા અને દલીલો

ધ્યાને લેતા, આરોપીએ આંક–૧૫ વાળો ચેક ફરિયાદીને ફરિયાદની કાયદેસરની લેણી રકમ પેટે આપેલ હોવાનું તથા તે ચેક "ફંડ ઈન્સફીસીયન્ટ" ના શેરા સાથે વગર સ્વીકારાયે પરત આવેલ હોય અને આરોપીને ફરિયાદીએ નોટીસ આપવા છતા અને આરોપીને નોટીસની જાણ થવા છતા આરોપીએ તે ચેકની રકમ ફરિયાદીને ચુકવી નહી આપી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો કરેલ હોવાનું સાબિત થાય છે. જેથી અત્રેની અદાલત દ્વારા મુદ્દા નં.૧ નો જવાબ "**હકારમાં**" આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨ ની ચર્ચાઃ–</u>**

(૨૩) વધુમાં, ફરીયાદીએ તેમની સરતપાસમાં તથા પોતાના સોગંદનામા ઉપરની સરતપાસમાં આરોપીને રજી.એ.ડી.થી કાયદા મુજબ નોટીસ આપેલાનું જણાવેલ છે. તે સંજોગોમાં નામ. સુપ્રીમ કોર્ટનો ચુકાદો **C.C. Alavi Haji vs Palapetty Muhammed & Anr on 18 May, 2007** ના ચુકાદામાં પેરા-૧૪ માં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેવા જરૂરી છે જે નીચે મુજબ છે.

"14. Section 27 gives rise to a presumption that service of notice has been effected when it is sent to the correct address by registered post. In view of the said presumption, when stating that a notice has been sent by registered post to the address of the drawer, it is unnecessary to further aver in the complaint that in spite of the return of the notice unserved, it is deemed to have been served or that the addressee is deemed to have knowledge of the notice. Unless and until the contrary is proved by the addressee, service of notice is deemed to have been effected at the time at which the letter would have been delivered in the ordinary course of business. This Court has already held that when a notice is sent by registered post and is returned with a postal endorsement refused or not available in the house or house

locked or shop closed or addressee not in station, due service has to be presumed. [Vide Jagdish Singh Vs. Natthu Singh ; State of M.P. Vs. Hiralal & Ors. and V.Raja Kumari Vs. P.Subbarama Naidu & Anr. ] It is, therefore, manifest that in view of the presumption available under Section 27 of the Act, it is not necessary to aver in the complaint under Section 138 of the Act that service of notice was evaded by the accused or that the accused had a role to play in the return of the notice unserved. "

ઉપરોકત નામ. સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતા તથા આગળ ચર્ચા કરેલ પુરાવાની હકીકતો મુજબ આરોપીને ફરીયાદીએ તેમના સાચા સરનામે આર.પી.એડી.થી નોટીસ આપેલાનું પ્રસીધ્ધ કરેલ છે. આમ, ફરીયાદીએ આરોપીને લીગલ નોટીસ આપેલાનું તથા ઉપરોકત હકીકતે તે નોટીસ "માલીક સ્વીકારવાની ના પાડતા પરત" ના પોસ્ટના શેરા સાથે બંધ કવર પરત આવેલાનું પુરવાર થાય છે.

(૨૪) વધુમાં, આગળ ચર્ચા કર્યા મુજબ ફરિયાદપક્ષે એવો કોઈ બચાવ કે તકરાર લીધેલ નથી કે આરોપીની ફરિયાદવાળા ચેકમાં બળજબરી કે ધાક–ધમકીથી સહી કરાવી હોય અગર તો આરોપીનો ચોરી થયેલ ચેક ફરિયાદીએ મેળવી લીધો હોય.

ઉપરોક્ત સંજોગોમાં, નામ. સુપ્રીમ કોર્ટનો ચુકાદો Bir Singh vs. Mukesh Kumar in CRIMINAL APPEAL NOS.230-231 OF 2019 (@ SLP (CRL) NOS. 9334-35 OF 2018) Decided on 6-02-2019 ના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેવા ન્યાયના હિતમાં જરૂરી જણાય છે. નામદાર સુપ્રિમ કોર્ટે સદર ચુકાદામાં પેરા–૩૭ તથા પેરા–૩૯ માં નીચે મુજબ ઠરાવેલ છે કે,

"37. A meaningful reading of the provisions of the Negotiabe Instruments Act including, in particular, Sections-

20, 87 and 139, makes it amply clear that a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.

39. It is not the case of the respondent-accused that he either signed the cheque or parted with it under any threat or coercion. Nor is it the case of the respondent-accused that the unfilled signed cheque had been stolen. The existence of a fiduciary relationship between the payee of a cheque and its drawer, would not disentitle the payee to the benefit of the presumption under Section 139 of the Negotiable Instruments Act, in the absence of evidence of exercise of undue influence or coercion. The second question is also answered in the negative."

ઉપરોકત નામ. સુપ્રીમ કોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતા તથા ચર્ચા કરેલ પુરાવાની હકીકતો ધ્યાને લેતા, હાલના કેસમાં આરોપી ફરીયાદવાળા ચેકમાં આરોપીની સહી ન હોવા અંગે કોઈ તકરાર આજદિન સુધી લીધેલ નથી. વધુમાં, ફરીયાદવાળો ચેક આરોપી પાસેથી ફરીયાદીએ આરોપીને ધાક ધમકી આપીને અગર તો બળજબરીથી લઈ લીધો હોય કે ચોરીથી મેળવેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદીએ આરોપીએ આપેલ નોટીસનો જવાબ આપીને કે ઉલટતપાસ કરીને કે પોતાના પુરાવાથી પણ આવુ કાંઈ પુરવાર કરેલ નથી.તેમજ ફરિયાદીએ આરોપીએ આપેલ ચેકનો દુરઉપયોગ કર્યાનુ પણ જણાવી

પોતાનો બચાવ કરેલ નથી. જેથી આરોપી તરફે લીધેલ બચાવ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

વધુમાં, ફરીયાદપક્ષે રજુ નામ. સુપ્રિમ કોર્ટનો ચુકાદો P. RASIYA V. ABDUL NAIER AND ANR. IN Cri. APPEAL NOS 1233- 1235 OF 2022 Decided on 12-8-2022 ના ચુકાદામાં પેરા–૭ માં ઠરાવેલ છે કે,

" Feeling aggrieved and dissatisfied with the judgment and orders passed by the Appellate Court affirming the conviction of the accused under Section-138 of the N.I. Act, the accused preferred three different Revision Applications before the High Court. By the impugned common judgment and order, the High Court has reversed the concurrent findings recorded by both the courts below and has acquitted the accused on the ground that, in the complaint, the Complainant has not specifically stated the nature of transactions and the source of fund. However, the High Court has failed to note the presumption under Section-139 of the N.I. Act. As per Section-139 of the N.I. Act, it shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in Section-138 for discharge, in whole or in part, of any debt or other liability. Therefore, once the initial burden is discharged by the Complainant that the cheque was issued by the accused and the signature and the issuance of the cheque is not disputed by the accused, in that case, the onus will shift upon the accused to prove the contrary that the cheque was not for any debt or other liability. The presumption

under Section-139 of the N.I. Act is a statutory presumption and thereafter, once it is presumed that the cheque is issued in whole or in part of any debt or other liability which is in favour of the Complainant/holder of the cheque, in that case, it is for the accused to prove the contrary. The aforesaid has not been dealt with and considered by the High Court. The High Court has also failed to appreciate that the High Court was exercising the revisional jurisdiction and there were concurrent findings of fact recorded by the courts below."

ઉપરોક્ત ફરીયાદપક્ષે રજુ નામ. સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતા, ફરીયાદી શરૂઆતનું તેની ઉપરના ભારણ મુજબ આરોપીએ ફરીયાદીની લેણી રકમ ચુકવવા ચેક આપેલ હોવા અંગે પુરાવો રજુ કરે તે બાદ જ્યા સુધી આરોપી ચેક કોઈ દેવાની ચુકવણી માટે આપેલ ન હોવાનું વિરૂધ્ધનું પુરવાર ન કરે ત્યા સુધી આવો ચેક આરોપીએ ફરીયાદીની લેણી રકમ ચુકવવા પેટે આપેલાનું ધી એન.આઈ.એક્ટની કલમ–૧૩૯ અન્વયે ચેકધારકની તરફેણમાં અનુમાન કરવાનું હોય છે. હાલના કેસમાં ઉપરોક્ત ચર્ચા કરેલ પુરાવાની હકીકતો મુજબ આરોપી તરફે ઉપરોક્ત ફરીયાદીએ જણાવેલ હકીકતોને રીબટ્ટ કરતો કોઈ જ પુરાવા રજુ કરેલા નથી કે ફરીયાદીની ઉલટતપાસ કરીને પણ કાંઈ પુરવાર કરી શકેલા નથી. જેથી આરોપી તરફે સદર બચાવ ગ્રાહ્ય રાખવામાં આવતો નથી.

સદર કામે અત્રેની અદાલત દ્વારા આંક–૧ લગત એવો હુકમ કરવામાં આવેલ છે કે, સદર કામે આંક–૨૮ ની અરજી ધ્યાને લઈ અત્રેની અદાલતે આંક–૩૦ ની અરજી પર હુકમ કરેલ. આરોપી કસ્ટડીમા છે અને તેઓના વિ.વ.શ્રી એ ફરિયાદીની ઉલટતપાસ લેવાની કોઈ દરકાર આંક–૩૦ ની અરજી પર થયેલ હુકમ વિરૂધ્ધ કરેલ નથી તેવા સંજોગોમાં આરોપીએ એફ.એસ.માં પણ ઉલટતપાસ માટે કોઈ ઈચ્છા દર્શાવેલ નથી અને તેઓના વિ.વ.શ્રીએ પણ ફરિયાદીની ઉલટતપાસ માટે કશુ જણાવેલ નથી. તેવા

સંજોગોમાં સદર કામનો નિર્ણય મેરીટ મુજબ હાલના જે તે તબક્કે કરવામા આવશે. આરોપીના એફ.એસ.ના તબક્કે પણ આરોપીના વિ.વ.શ્રી અને આરોપી પાસે ફરિયાદીની ઉલટતપાસ અંગે કથન કરવાનું એક તક હતી પરંતુ તે બચાવપક્ષે તેનો ઉપયોગ પોતાનો કેસ પ્રસ્થાપિત કરવા માટે ઉપયોગ કરેલ નથી જે બાબત ઘણી ગંભીર ગણાય. આમ, સદર કામે આરોપી તરફે તેમના વિ.વ.શ્રીએ પોતાના બચાવમાં ફરિયાદીની ઉલટતપાસ કરેલ નથી કે ઉલટતપાસ કરવા કોઈ ઈચ્છા દર્શાવેલ નથી. વધુમાં, અત્રેની અદાલત દ્વારા જ્યારે આંક-૨૮ અને આંક-૩૦ વાળી અરજીઓ પર હુકમ કરેલો તે સમયે બચાવપક્ષ પાસે તે હુકમને ઉપલી કોર્ટમાં પડકારવા માટે એક તક હતી પરંતુ, અત્રેનુ રેકર્ડ વંચાણે લેતા એવુ જણાય છે કે બચાવપક્ષે તે તકનો પણ વ્યાજબી અને ન્યાયોચીત રીતે ઉપયોગ કરેલ નથી.

જેથી ઉપરોક્ત ચર્ચા મુજબ બચાવપક્ષે વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ની કલમ-૧૩૯ મુજબ ખંડનાત્મક પુરાવો રજુ કરી પોતાનો બચાવ સ્થાપિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૨નો જવાબ "**નકારમાં**"માં ઠરાવુ છુ.

(૨૫) ઉપરોક્ત ચર્ચા ધ્યાને લેતા, મુદ્દા નં.૧નો નિર્ણય હકારમાં અને મુદ્દા નં.૨નો નિર્ણય નકારમાં આપવામાં આવેલ છે અને તમામ જોગવાઈની જરૂરીયાત અને આવશ્યક તત્વોની વિગતવાર ચર્ચા કરવામાં આવેલ છે. તે મુજબ સમગ્ર હકીકતો, રેકર્ડ, પુરાવો, કાયદાની જોગવાઈઓ વિગેરે ધ્યાને લેતા આ કામના આરોપી વટાઉ ખત અધિનિયમની કલમ- ૧૩૮ મુજબના ગુના માટે તકસીરવાન ઠરતા હોવાનું નિઃશંકપણે પુરવાર થયેલ છે. જેથી આરોપીને વટાઉખત અધિનિયમની કલમ-૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવવા હુકમ કરવામાં આવે છે.

## // હુ ક મ //

1. આ કામના આરોપી પ્રવિણભાઈ કીશનભાઈ સોંદરવા, રહે.બહારપુરા, વણકરવાસ, મામાના ખીજડા પાસે, ધોરાજીનાઓને ક્રિ.પ્રો.કોડ કલમ ૨૫૫(૧) અન્વયે, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮

મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે અને બંન્ને પક્ષે સજા અંગે સાંભળવા પર મુલતવી.

આરોપીને સજા બાબતે સાંભળવા સારૂ મુલતવી.

(સુનિલ વામન વાઘ)

તા.૦૩/૦૧/૨૦૨૪ **એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ધોરાજી.**
(જજ કોડ-જીજે૦૧૨૫૮)

**<u>સજા બાબતે સાંભળ્યાઃ–</u>**

- હાલના કામે ફરીયાદી તેમજ આરોપીના વિ.વ.શ્રી હાજર છે. બંન્ને પક્ષના વિ.વ.શ્રીઓને સાંભળ્યા.

- ફરીયાદી તરફે વિ.વ.શ્રીની એવી રજૂઆત છે કે હાલના આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે ચેકો રિટર્ન થવાના કિસ્સા વધી રહેલ છે. સમાજમાં દાખલો બેસાડો જરૂરી બની જાય છે તેથી આરોપીને કાયદા મુજબની મહત્તમ સજા કરવી જોઈએ અને વળતર અપાવવો જોઈએ.

- આરોપી તરફે વિ.વ.શ્રીની એવી રજૂઆત છે કે આરોપીને કોઈ દંડનો હુકમ ન કરવા તથા ઓછામાં ઓછી સજા કરવા જણાવેલ છે. વધુમાં આરોપીને પ્રોબેશનનો લાભ આપવા રજુઆત કરેલ છે. હાલના યુગમાં કોઈપણ વ્યક્તિ, કોઈ પણ ભોગે મોટી રકમ મેળવવા કે માલ સામાન ખરીદતી વખતે તે સામે ખોટા ચેકો લખી આપી ઘણીવાર કોરા ચેકો આપતા હોવાના કિસ્સા વધી રહેલ છે. સામાન્ય રીતે સજાની માત્રા કેવી હોવી જોઈએ તે બાબતે નામદાર વડી અદાલત તથા સર્વોચ્ચ અદાલતના માર્ગદર્શક ચુકાદાઓ ઉપલબ્ધ છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં સદર જોગવાઈ સુધારાથી દાખલ કરવા પાછળ લેજીસ્લેચરનો હેતુ બેંકનું કામકાજ તેના નિયમો અનુસાર અને કોઈપણ જાતના અવરોધ વિના સતત અવિરતપણે ચાલતું રહે તે માટેનું છે. આ કામના આરોપી અન્ય ગુન્હાના કામે જેલમાં છે અને આરોપીને બીજા અન્ય નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટના ગુન્હામા પણ સજા થયેલી છે.

- આ કામે આરોપીએ ફરીયાદી પાસેથી અંગત કામ સબબ રકમ લઈ ગયેલ તે રકમ ચુકવવા તેની સહીવાળો ચેક ફરીયાદીને આપલ જે "FUND INSUFFICIENT" ના શેરા સાથે વગર સ્વીકારાયે પરત ફરેલ છે. નોટીસ આપ્યા બાદ પણ નાણા પરત કરેલ નથી. લાંબો સમય કેસ ચાલતા દરમ્યાન પણ ધિરાણથી લીધેલ નાણા પરત કરેલ નથી.

- કાયદા પાછળનો હેતુ તથા આરોપીની વર્તણૂક લક્ષમાં રાખતા આરોપી પ્રત્યે દયા રાખવી ન જોઈએ અને સમાજમાં દાખલો બેસે લોકોનું બેન્કિંગ વ્યવસ્થામાં

વિશ્વાસ ટકી રહે તે માટે આરોપીને ચોક્કસપણે સજા કરવી જોઈએ તેમ આ અદાલતનું માનવું છે. કારણકે કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત અનુસાર કાયદો ઘડવા પાછળનો લેજીસ્લેચરનો ઈરાદો કાયદાને અસરકારક બનાવવાની મુખ્ય ફરજો અદાલતોની છે અને જો તે મુજબ ન કરવામાં આવે તો લોકોનું બેન્કિંગ વ્યવસ્થામાં વિશ્વાસ ઉઠી જશે લોકો ચેકોનો બે ફામ દુરુપયોગ કરતા અચકાશે નહીં જેના કારણે ભારતીય અર્થતંત્ર કે જે વિકાસશીલ અર્થતંત્ર છે તેને નુકસાન થાય તેમ છે.

- હાલના કેસની હકીકતો અને સંજોગો લક્ષમાં લઈએ તો આરોપી પોતે ઠરેલ વ્યક્તિ છે. ફરિયાદી પાસેથી લીધેલ રકમ સામે ચેક આપવાની ગંભીરતા તેમને ખ્યાલ હોવી જોઈએ. બેલેન્સ ન હોવા છતાં ખોટા ચેકો આપવા આરોપી ટેવાયેલાનું જણાય છે તથા એ હકીકત પણ ઉજાગર થાય છે કે, આરોપીએ પોતાનો બચાવ રજુ કરેલ નથી. આમ, આરોપી તરફે ફરીયાદીને પૈસા ચુકવણી કરેલ છે અને ફરીયાદીની તમામ હકીકત તેઓએ સ્વીકારી લીધેલાનું હોવાનું ચોક્કસપણે અનુમાન કરી શકાય છે.

- આમ, આરોપીની દાનત, રકમ ફરીયાદીને પરત નહીં આપવાનું જણાય છે. તે ઉપરાંત આ અદાલતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ માં જણાવેલ સજાની જોગવાઈઓ પણ લક્ષે લીધેલ છે.

- વધુમાં, આ અદાલતે **નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૭(૧) જી.એલ.એચ. પાના નંબર–૨૨૫ શંકરલાલ એન્ડ પરમાર વિરુદ્ધ દિનેશ બાબુલાલ બોરીયા**વાળા વિગેરેના ચુકાદાની હકીકતો લક્ષે લીધેલ છે, જેમાં સજા કરતી વખતે દંડ ચૂકવવાનો આદેશ દૂર કરેલ હતો પરંતુ પડતર ચૂકવવાનો આદેશ યથાવત રાખવામાં આવેલ હતો તે ચુકાદા અનુસાર આરોપીને દંડ અને વળતર ચૂકવવાનો હુકમ એક સાથે ન કરી શકાય તે હકીકત આ અદાલતે લક્ષે લીધેલ છે.

- વધુમાં, **નામદાર કેરાલા હાઈકોર્ટના એમ.વી.નલીન કહાન એમ. મેશન,**

**૨૦૦૯ ક્રિમિનલ લો જનરલ પાના નંબર–૧૭૦૩** નો ચુકાદા મુજબ આરોપીને પ્રોબેશન ઓફ એફેન્ડર્સ તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૦ ની જોગવાઈનો લાભ આપવો ન્યાયોચિત જણાતું નથી તેથી આરોપી સામેના ગુનાનો પ્રકાર તથા તકરારી ચેક આપેલ હોવાની ફલિત થતી હકીકત ધ્યાને રાખી તથા **નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૪(૨) જી.એલ.એચ. પાના નંબર–૨૯ આર.સી. મહેતા વિરુદ્ધ ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કંપની લિ.**ના ચુકાદામાં જણાવેલ હકીકતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલન–૧૩૮ ની જોગવાઈ કરવાનો ધારાસભાના આશય ધ્યાને રાખી તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯(૨) ની જોગવાઈ ધ્યાને લઈને આ અદાલત મુદ્દા નં.૩ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરે છે.

## **// આ ખ રી હુ ક મ //**

1. આ કામના આરોપી પ્રવિણભાઈ કીશનભાઈ સોંદરવા, રહે.બહારપુરા, વણકરવાસ, મામાના ખીજડા પાસે, ધોરાજીનાઓને ક્રિ.પ્રો.કોડ કલમ ૨૫૫(૧) અન્વયે, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબના સજાને પાત્ર ગુન્હામાં આરોપીને એક(૧) વર્ષની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

2. ફરીયાદવાળા ચેકની રકમ રૂા.૩,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા ત્રણ લાખ પુરા) વળતર પેટે આરોપીએ ફરિયાદીને એક માસની અંદર ચુકવી આપવા. જો આરોપી વળતરની રકમ એક માસની અંદર ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ ૩(ત્રણ) માસની સજા કરવામાં આવે છે તેવો હુકમ કરવામાં આવે છે.

3. આ કામના આરોપીએ ફરિયાદીને ઉપરોક્ત રકમ ઉપર ફરિયાદ દાખલ કર્યા તારીખથી ૯% વાર્ષિક ચક્રવતિ વ્યાજની ગણતરી સાથે જમા કરાવવાની રહેશે.

4. આ કામના આરોપીએ જો સદર કામે કોઈ સજા ભોગવેલ હોય તો, સી.આર.પી.સી.ની કલમ–૪૨૮ મુજબ તે ભોગવેલ સજા આરોપીને મજરે આપવી.

5. આ હુકમની ખરી નકલ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૩(૧) અન્વયે આરોપી હાજર થયેથી આરોપીને તાત્કાલીક વિના મુલ્યે પુરી પાડવી.

6. આ કામને આરોપી તરફે જો કોઇ જામીન રજૂ કરવામાં આવેલ હોય તો તે રદ કરવામાં આવે છે અથવા જો આરોપી તરફે રોકડ રકમ જામીનગીરી પર રજૂ કરેલ હોય તો તેનો મુચરકો રદ કરી સદર જામીનગીરી અનામત પેટે મુકેલ રકમ સરકાર ખાતે દંડ તરીકે જમા કરવાનો હુકમ કરવામાં આવે છે તથા આરોપી સામે ફરતું પકડ વોરંટ ઇસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

7. આરોપીને સજા અંગેની જેલ યાદી કરવી.

– હુકમ, આજ તારીખઃ–૦૩, માહે–જાન્યુઆરી, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ-ધોરાજી
તા.૦૩/૦૧/૨૦૨૪

(સુનિલ વામન વાઘ)
**એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ધોરાજી.**
(જજ કોડ-જીજે૦૧૨૫૮)